શ્રી વિષ્ણુ પરમાત્માના અનન્ય બાળ ભક્તરાજ

ધ્રુવ કુમાર

નાટકના ઓપેરા.

વાંકાનેર "આર્યહિતવર્ધક" નાટક કંપની માટે

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવળ ત્રંબકલાલ દેવશંકર.

વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલીક.

આવૃત્તિ પહેલી (નકલ ૩૦૦૦)

અમદાવાદ.

વિશ્વેશ્વર પ્રેસ.

સંવત ૧૯૬૫. સને ૧૯૦૯.

કિંમત બે આના.

અખૂટ કૌવત આપનારી

'આતંક નિગ્રહ ગોળીઓ'.

તદ્દન વનસ્પતીની.

આ ગોળીઓ સ્ત્રી પુરૂષો એ બંનેને એક સરખી. ઉપયોગી, અતી પૌષ્ટિક, પુરૂષત્વ આપનાર, લોહીની શુદ્ધિ કરનાર, ધાતુ દોષોને મટાડનાર અને નિર્બળ માણસને બળવાન કરનાર ઘણીજ ઉત્તમ દવા. કિમન્ત ગોળી ૩૨ બત્રીસની ડબી ૧ નો રૂપિયો એક.

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આંતક નિગ્રહ ઔષધાલય.

હેડ ઓફીસ...........જામનગર...........કાઠીયાવાડ

બ્રેંચ નંબર ૧.......મુંબઈ.......કાલબાદેવી રોડ

બ્રેંચ નંબર ૨.......કલકત્તા.......હેરિસન રોડ

બ્રેંચ નંબર ૩...........પુના...........બુધવાર પેઠ

પાત્રોનાં નામ.

સુત્રધાર, નટી, બાળાઓ—નાટયકાર સ્ત્રી પુરૂષ.

ધ્રુવજી—મહારાજા ઉતાનપાદના પાટવી પુત્ર અને શ્રી વિશ્નુ પરં માત્માના અનન્ય બાળભક્ત.

ઉત્તમ—ધ્રુવજીના ઓરમાન ભાઇ.

વિવેકશર્મા—ધ્રુવજીના બાળસ્નેહી.

ઉતાનપાદ—માહેસ્મતિ નગ્રના મહારાજા અને કુમાર ધ્રુવજી તથા ઉત્તમના પીતા.

પ્રવિણરાય—ઉતાનપાદના પ્રધાન.

નારદજી—સુરમુની.

ઇંદ્રરાય—સુરપતિ.

બ્રહુસ્પતિ—સુરગુરૂ.

જયંત—ઇંદ્રરાયના પુત્ર.

રામનંદ—વિવેકશર્માનો બાપ.

શ્રીવિષ્નુ—જગતનીયંતા.

ચીત્રકેતુ—જયંતનો પાસવાન.

લક્ષ્મીજી—શ્રી વિષ્નુ પરમાત્માની વિભુતિ.

સુરૂચી—કુમાર ઉત્તમની મા. ઉતાનપાદના માનેતાં નવાં રાણી.

સુનીતી—કુમાર ધ્રુવજીના માતા અને ઉતાનપાદના અણમાનેતાં પાટરાણી.

ઇંદ્રગોરી—ઇંદ્રરાયના પુત્રી તથા કુમાર ધ્રુવજીના થનાર પત્ની.

ઈંદ્રાણી—ઇંદ્રરાયના સ્ત્રી.

બ્રહ્માજી, સરસ્વતિ, દેવગણો, માયા, અપ્સરાઓ, પારશાદ દરબારીઓ, વારાંગનાઓ અને દાસદાસી, ભુવા, નોકર વિગેરે.

——(:o:)——

શ્રી. વિષ્નું પરમાત્માના અનન્ય બાળ ભક્તરાજ ધ્રુવ કુમારના નાટકનો.

ટુંક સાર

અંક પહેલો.

પ્ર. ૧ માં—ઇશ્વર સ્તુતી સુત્રધાર તથા ભરત મુનીનો નાટય શાસ્ત્ર સબંધીસંવાદ ભરતમુનીનો આશ્રમ બદલાઇ માતા સરસ્વતિનું પ્રગટ થઇ આશીર્વાદ આપી અંતર ધ્યાન થવું.

પ્ર. ૨ માં—માહેસ્મતી નગ્રના મહારાજા ઉતાનપાદના પાટવી કુમાર ધ્રુવજીનું પોતાના લઘુ બંધુ સાથે પ્રભુ ભજનનું ગાન કરતાં રાજ માર્ગમાં નીકળવું કઇ અવસ્થામાં પ્રભુ ભજન કરવું તે ઉપર ઉત્તમ તથા વિપ્ર પુત્ર વિવેક શર્મા સાથે કુમાર ધ્રુવજીએ કરેલું વિવેચન જન્મ દીવસની ખુશાલી પ્રસંગે પોતાની માતા સુરૂચીના અવાસે આવવાનો આગ્રહ કરી કુમાર ધ્રુવજીને ઉતમનુ તેડી જવું બાદ બંને કુમારની બાળ વયમાં બીજા બીજા વિશયના ઉદ્દગાર સાંભળી ઇશ્વર સ્મરણ કયારે કરવું તે બાબતમાં વિવેક શર્માનું વિવેચન—

પ્ર. ૩ માં—પોતાની માનીતિ નવી રાણી સુરૂચીના અવાસે મહારાજા ઉતાનપાદે ઉત્તમના જન્મ દીવસની ખુશાલીમાં ભરેલો ભવ્ય દરબાર કુમાર ધ્રુવજી સાથે ઉત્તમનું આવવું રાણી સુરૂચીને મોહ વશ થઇ તેના કુમાર ઉતમને મહારાજા ઉતાન પાદનું પ્રેમથી ઉત્છંગમાં બેસવા બોલાવવું અને કુમાર ધ્રુવજીને વિસારી જવું બાતૃ ભાવની અપુર્વ પ્રીતીને પરીણામે જેષ્ટ ભ્રાતા ધ્રુવજીને પીતાના ઉત્છંગે બેસવા ઉત્તમનું બોલાવવું જતાં અપરમાતા સુરૂચીએ કુમાર ધ્રુવજીનું અપમાન કરી મહેણું મારવું ધ્રુવે કરેલી દીલગીરી પ્રધાન પ્રવીણુ રાયનો દીલાસો અપર માતાના વાકયને બોધ રૂપ સમજી પીતાના અલ્પ ઉત્છંગના સુખ અભાવે શ્રી જગત પીતાના અભય ઉત્છંગમાં બેસવાને લાયક થવાનો નીશ્ચય કરી કુમાર ધ્રુવનું જવું.

પ્ર. ૪ માં—અણુમાનીતિ રાણી કુમાર ધ્રુવજીની માતા સુનીતિને અપ શુકનથી થતી ચીંતા પ્રધાન પ્રવિણુરાયનું આવવું સુનીતિએ અણુમાનીતિ દશાનો કરેલ અફસોસ પ્રવિણુરાયે ધીરજ દેવી બાદ કુમાર ધ્રુવજીએ આવી ઇશ્વર ભજન અર્થે જંગલમાં જવા સારૂ માતા પાસેથી રજા માગવી સુનીતિના પુત્ર ભાવ ધ્રુવજીનો ભજન ભાવ જોઇ પ્રવિણુરાયે સુનીતિને કુમાર ધ્રુવ-

જીને રજા આપવા માટે સમજુતી આપવી માતા સુનીતિનો શુભ આશીર્વાદ લઇ ધ્રુવજીનું વનમાં જવું

પ્ર. ૫ માં—સુરપતિ ઇંદ્રરાયની પુત્રી ઇંદ્રગૌરીનો સાહેલીયો સાથે શીયળ મહિમાના ગરબાની ગમ્મત મહાત્મા નારદજીનું આવવું ઇંદ્રગૌરીની હસ્ત રેખા જોઇ કુમાર ધ્રુવજી સાથે વરવાનું ભાખેલું ભવિષ્ય ધ્રુવજી સાથે વરવાની ઇંદ્રગૌરીએ કરેલી પ્રતિજ્ઞા.

પ્ર. ૬ માં—અઘોર જંગલમાં કુમાર ધ્રુવજીનુ નીકળવું નારદમુનીનો સમાગમ ધ્રૂવજીની ઇશ્વર ભજનમાં અડગવૃતી જોઇ ગુરૂ દીક્ષા આપીમધુ વનમાં શ્રી વિષ્નુ પરમાત્માનું તપ કરવા મોકલવા.

પ્ર. ૭ માં—સ્વર્ગમાં ઇંદ્રરાયની કચેરી નારદમુનિ સાથે મૃત્યુ લોક સબંધે ઇંદ્રિરાયની વાતચીત ધ્રુવજીની ઉગ્ર તપશ્ચર્યાના પ્રભાવે વાયુનું રૂંધન થવાથી દેવતાનું અકળાઇને આવવું ઇંદ્રરાયે ધ્રુવજીની તપશ્ચર્યા ભંગ કરવા માટે માયાને મોકલવી બાદ ઇંદ્રાસનનું ડોલવું અને દેવ સભાનું આશ્ચર્ય થવું.

અંક બીજો

પ્ર. ૧ માં—વીવેક શર્માની નવી માતાયે શોકયના પુત્ર વિવેક શ-
ર્માને ગ્રહમાંથી કાઢી મુકવા માટે તેના પતિ રામ-
નંદ સાથે કરેલો કંકાસ નવી માતાનું મન શાન્ત
થવા સારૂ ઘર છોડી ચાલ્યા જવાનું વીવેક શર્માનું
કહેવું:ત્યાં મહારાજા ઉતાન પાદનું નગ્ર ચર્ચા જોવા
નીકળવું વિપ્ર રામનદે "હું મહારાજા ઉતાન પાદ
જેવો નથી કે સ્ત્રીમાં મોહ પામી મારા પુત્રને કાઢી
મુકું" એવો દાખલો દઇ નવી સ્ત્રીને ઘરમાંથી ચાલી
જવા કહેવું ઉતાન પાદનું પ્રગટ થઇ સૌને સુસંપ
સાથે રહેવાનું સુચવવું બાદ કુમાર ધ્રુવજીના વિયો-
ગનું સ્મરણ થવાથી કરેલો પશ્ચાતાપ.

પ્ર. ૨ માં—પુત્ર વિયોગથી પીડાતા મહારાજા ઉતાન પાદનું શોક
ભુવન પ્રધાન તથા કુમાર ઉત્તમે શાન્ત થવા કહેવું.
તેવામાં રાણી સુરૂચીના ગાર્મીક વચનો સાંભળતાં
રાજાના પશ્ચાતાપનો વધારો કુમાર ઉત્તમે પોતાની
મા સુરૂચીને ગર્બીત ક્રોધ સાથે શોક ભુવનમાંથી
ચાલ્યા જવા કહેવું નારદજીએ આવી કુમાર ધ્રુવજીના
કુશળ સમાચાર આપી સૌનું મન શાંન્તવન કરવું

પ્ર. ૩ માં—હીમાલયના ઉપવનમાં સખીઓ સાથે ઇંદ્રગૌરીની ક્રીડા ઇંદ્રપુત્ર જયંતનું આવવું ધ્રુવજી સાથે વરવા ઇંદ્રગૌરીના ઉદગાર સાંભળી જયંતનો ક્રોધ નારદજીના આગમનથી લાચાર થઇને જયંતે ધ્રુવને સમુદ્રમાં ફેંકી દેવાનો નીશ્ચય કરી જવું.

પ્ર. ૪ માં—ઈંદ્ર મહારાજની આજ્ઞાથી ધ્રુવજીનું ધ્યાન ભંગ કરવા તપહારણી સૈન્યા સાથે માયાનું મધુ વનમાં આવવું માયાવી બળે વસંત પ્રગટાવવી રીધી સિદ્ધી દ્વારા ધ્રુવજીને લોભાવવાની યુક્તિ રંભા વીગેરે અપ્સરાઓનો નાચ દેવ માયાએ ધ્રુવજીની માતું રૂપ ધરી ધ્રુવજીને ધ્યાનમાંથી જગાડવા કરેલી કોશીશ ધ્રુવજીના શરીરમાંથી જવાળા નીકળતાં માયાનું ડરી પાછું હઠવું વાસનાનું નીકળવું ભક્તીનું શુધ સ્વરૂપે ધ્રુવજીના રદયમાં પ્રકાશવું દેવમાયાનું નીરાશ થઇ ચાલ્યા જવું.

પ્ર. ૫ માં.—રાણી સુનીતિની ધ્રુવજીની આરોગ્યતા માટે પ્રભુ પ્રત્યે પ્રાર્થના કુમાર ઉતમે આવી ધ્રુવજીને વનવાસ દેવામાં નીરદોશપણું દેખાડી દીલગીરી જાહેર કરવી બાદ મહારાજા ઉતાન પાદનું આગમન પોતાથી થયેલ ભુલ માટે રાણી સુનીતિ પાસે ક્ષમા માગવી સુનીતિની પતિ પ્રત્યે અનન્ય ભક્તિ.

પ્ર. ૬ માં.—ધ્રુવજીનું તપ ભંગ કરવાની યુક્તિઓ નીશફળ જવાથી દેવગુરૂ બ્રહસ્પતી સાથે ઇંદ્રરાયની વાતચીત નારદજીએ આવી ધ્રુવજીને હેરાન ન કરવા ઇંદ્રરાયને કરેલી સુચના બાદ બ્રહસ્પતીની સલાહથી શ્રી વિષ્નુ પરમાત્મા પાસે શ્રી વિષ્નુ લોકમાં જવું.

પ્ર. ૭ માં.—વિષ્નુ લોકમાં બાળ ભક્ત ધ્રુવજીની ઉગ્રતપશ્ચર્યાનું શ્રી વિષ્નુ પરમાત્માને સ્વપ્નામાં ભાન થતાં નિદ્રામાંથી જાગી ઉઠવું લક્ષ્મીજી સાથે ભક્તો પ્રત્યે અપુર્વ લાગણીનું વિવેચન બાદ બ્રહ્માજી સાથે ઇંદ્રાદી દેવોનું આવવું ઇંદ્રની શંકા ટાળી સર્વ સાથે બાળ ભક્ત ધ્રુવજીને વર આપવા શ્રી વિષ્નુ પરમાત્માનું મધુવનમાં જવું.

ડ્રોપ.

અંક ત્રીજો.

પ્ર. ૧ માં.—રાણી સુનીતિની દાસી સદ્બોધા તથા રાણી સુરૂચિની-દાસી મંગળા વચ્ચે થયેલી વાતચીત રાણી સુનીતિએ આવી મંગળાને સુરૂચીના કુશળ સમાચાર પુછવા પોતાથી થયેલ અપરાધની ક્ષમા માગવા સુરૂચીનું આવવું સુનીતિએ જણાવેલી નિર્મળતા બાદ મહારાજા ઉતાનપાદ આવી બંને રાણીઓને સુસંપમાં સાથે જોઇ જણાવેલી શાંન્તી.

પ્ર. ૨ માં—ધ્રુવજીને ઉપાડી સમુદ્રમાં ફેંકી દેવાની ધારણાથી ઇંદ્ર પુત્ર જયંતનું મધુવનમાં આવવું ભગવતી માયાએ જયંતની દ્રષ્ટીએ ધ્રુવજી ન દેખાય તેવો પ્રયોગ કરવો જયંતે ઇંદ્રજાળથી અંધકાર વીગેરે પ્રયોગ કરતા ભગવતિ માયાએ પ્રકાશ ફેલાવી જયંતને સુદર્શન ચક્રનું દરશન કરાવી ભયભીત કરવો ધ્રુવજીને ઉપાડવા જતાં જયંતનું અંગ જડાઇ જવું પારશદનું પ્રગટ થવું અને ધ્રુવજીને પગે લગાડી જયંતને મારી આપવી.

બાદ ભક્તરાજ ધ્રુવજીને વર આપવા સર્વ દેવો સાથે શ્રી વિષ્નુ પરમાત્માનું પધારવું નારદજીને ભક્તરાજ ધ્રુવજીને તેના પીતાના રાજ્યમાં લઇ જવા કહેવું ભક્તરાજ ધ્રુવજીના કરેલ અપરાધથી મુક્ત થ-

વા સારૂ પોતાની પુત્રી ઇંદ્રગૌરીનાં લગ્ન ધ્રુવજી સાથે કરવા ઈંદ્રરાયે માગેલી શ્રી વિષ્નુ પરમાત્માની આજ્ઞા.

પ્ર. ૩ માં—કુટુંબ કલેશથી રસ્તામાં વિવેકશર્માની મુંજવણુ ભક્તરાજ ધ્રુવજી તથા નારદજીનો મેળાપ પોતાનાં સગાંનો પ્યાર મીથ્યા છે તેની ખાત્રી કરવા માટે નારદજીએ વીવેકશર્માને બતાવેલી યુક્તી ભક્તરાજ ધ્રુવજી ના પુર્વાવતારનું વિવેચન કર્યા બાદ તેના આગમનના શુભ સમાચાર આપવા મહારાજા ઉતાનપાદ પાસે નારદજીનું જવું ભક્તરાજ ધ્રુવજીને કુમાર ઉતમનો ભેટો ઇશ્વર મહીમાનું વિવેચન. બાદ આમ મંડળ સાથે માતા પીતાએ સામૈયુ લઇ આવવું અને ભક્તરાજ ધ્રુવજીને લઇ આનંદ ગંગળથી સૌનું નગ્રમાં જવું.

પ્ર. ૪ માં—વિવેકશર્માના ઘરમાં વિવેકશર્મા પ્રત્યે તેના વહાલાં સગાંનો પ્યાર કેવો છે તેની ખાત્રી કરાવ્યા બાદ નારજીએ તેને કરેલો ઉપદેશ (હાસ્ય છે.)

પ્ર. ૫ માં—ધ્રુવજી સાથે વરવા લીધેલ પ્રતિજ્ઞા રદ કરાવવા ઇંદ્રાણીએ ઇંદ્રગૌરીને સમજાવવી જયંતનું નીરાશ થઇ મધુવનમાંથી પાછા આવવું બાદ ઇંદ્રરાયે આવી ધ્રુવજી પ્રતાપી ભક્ત છે તેવુ જાહેર કરી

ઇંદ્રગૌરીને તેની સાથે પરણાવવા જવાનો જણાવેલ વિચાર ને ઇંદ્રગૌરીનો અપુર્વ આનંદ.

પ્ર. ૬ માં—ભક્તરાજ ધ્રુવજીનો રાજ્યાભીશેક સહ કુટુંબ સાથે આવી ઇંદ્રરાયે ભક્તરાજ ધ્રુવજીને કન્યા દાન આ૰ પવું બાદ નારદજીએ ભક્તરાજ ધ્રુવજીના અવિચળ પદના દરશન કરાવતાંની સાથે પ્રયોગનું પુર્ણ થવું અને ભક્તાનો વિજય........................૧૫.

—❖—

શ્રી ગણેશાયનમઃ

ધ્રુવ કુમાર.

—:०:—

ઈશ્વર—સ્તુતિ.

સુત્રધાર }
નટી }
(૧)

નિશ દિન તારૂં નામ જપત સહુ દેવા કરે સેવા
ભાવ ધારી..નીશદીન.
અજર અમર તુછો એક અવિનાશી ઇશ
અકળ સકળ ગતી તારી ન્યારી ન્યારી હાં..... (૨)
કરતા ધરતા જગનો સંહરતા છો સહુનો
દાતા દીન તણો તુછો ધણો
અજબ નચાવે પાર નહીં આવે
એવિ અતિ કૃતિ જોઇ મતિ જાયે હારિ મારિ. નીશદીન.

બાળાઓ— (૨)

અમે એવા શ્રી નાથજીને વંદીએ આવાર
ભુધરા.........ભકતોના પ્રતીપાળ.........અમે
નારદ શારદ ભાવ ધરીને ભજે
સુરનર મુનીવર પોતાનો ગર્વ સહુ તજે
કરતા હરતા શ્રી કૃપાળ......(વ્હાલા)......અમે

સુત્રધાર— (૩)

બ્રહ્મ સુતા તમ નામ શુભ, સંભારીને આજ
વિનય વાણીથી માગીએ, મગળ કર અમ કાજ

બાળાઓ— (૪)

ભજો મન વશ કરીને, અજર અમર શ્રીધર ભુધર,
જગમાં જનમીને.................................ભજો

સુત્રધાર } પ્રભુજીના ભજજન એવાં, તાર્યા ગજ ગુણીકા જેવાં (૨)
નટી }

બાળાઓ—ભજ્યા જેણે ભાવથી વિશ્વ વીહારી,
જાઊં તેને વારી વારી બલિહારી.

સાખી—મોહ રૂપ જળથી ભર્યું. આ ભવસાગર ઠામ,
તેને તરવાનું કર્યું, શ્રી હરી કેરૂ નામ........પ્રભુ.

ધ્રુવજી— (૫)

રેમન ભજન સુધારસ પીલે, બેઠું શું તું મુખ ઢીલે.......રે.
સાર નથી કાંઇ આ સંસારે, શમતાથી સમજીલે;
તું કોણુને કોણુછે તારૂં, અંતર આંખે ઓળખીલે.........રે.

વિવેકશર્મા— (૬)

હરિનું ભજન કેમ કરવું, શ્યામનું સ્મરણુ કેમ કરવું;
મહિમા જાણો આયુષ ઓછું, મરવું કે કરવું......હરિ.
છળ કળથી ધન ભેળું કરતાં, ડરવું કે કરવું;
ગાડીપર લાડી લઇ સાથે ફરવું કે કરવું...........હરિ.

દરબારી }
વારાંગના }... (૭)

મહારાજા જગ જીવો ઘણું. (૨)..........મહા.
આશીષ આપીએ ભરી દરબાર (૨)........મહા.
સુખમાં ગમન ગુણી ગુણવાન, પ્રેમી પ્રજાને અતિશયમાન
અરિનો નાશ સહાય શ્યામ, સુખમાં સ્નેહે સાચવી સંસાર...મહા.

વારાંગનાઓ— (૮)

પાયે પાયે પીયાર અબે કહાં જાઓગે લાલ ન હમાર...પાયે.
જાને ન દઉંગી, તાપે મે રહુંગી, સોહે મે સઉંગી;
કહો ગે જો...........
વારી વારી બલિહારી અંકધારી લાલ પ્યારી, રે ન સારી
હય ગુજારી........મેન નેન સેન કેસરવારી
હતડારી......ગીદી ધીન ગીદી ધીન ધા ધા. (૩)
બતાકે પ્રીતી તુમે લઉ જીતી ધારૂ ન બીતી
જરાબી મેં........વારવાર પ્યાર કાર અંકધાર
માર માર સેં સુધાર ઉરઠાર, દેહ ગેહ નેહ તુમપેવારી
કરો પ્યારી......ગીદી ધીન ગીદી ધીન ધાધા. (૩)...પાયે.

ધ્રુવજી— (૯)

ચટપટ ચેતી હેત કરૂં હરિસું મરણ ભમે છે માથે રામજી
ધામ ધરા ધન સુત ધણીયાણી, શેત્રક ના આવે સાથે રામજી.-ચટ
મોટપણાનું માન ભરાયું તેમાં કાંઈ નવ સુજે રામજી

જમના કીંકર જોશું ત્યારે, થર થર કાયા ધ્રુજે રામજી........ચટ
કંઇ સત સંગ અંગ હોય નીરમળ, રંગ રદયમાં લાગે રામજી;
ભાવ ધરી ભગવંત ભજી લઉં, તો ભવનો ભય ભાગે રામજી...ચટ

સુનિતી— (૧૦)

પુરણ સત્યપાળી શ્રીરામને રીઝાવજો. (૨)

ધ્રુવજી—વચન આપનાં ચડાવી શીર રહું રઘુવીર..........સત્ય
સુનીતી—થશે સફળ કામ શુભ સહુ તમારૂં, એમ ધારીમુજ અંતરનેવારૂં
ધ્રુવજી—રહેમ દ્રષ્ટીથી સર્વદા અમારૂં, સીધ થાશે મમ કાજ એમ ધારૂં
સુનીતી-પુષ્પે વધાવું મોતીડે વધાવું, મારા બાલુડા વહેલા આવજો. સત્ય

નીરખુ નયન ભરિ નેહથી, આનદકારી મુખજરી;
લઉં વારણાં હુલાસમાં, આશીશ આપું છઉ ફરી.

ધ્રુવજી—સુખથી રહો આનંદમાં, મુજ ગાત ચીંતા નવ ધરો;
સુનીતી—જગતાત માગું પ્રેમથી, મુજ પુત્રની રક્ષા કરો.

ઇંદગોરી | (૧૧)
સાહેલીઓ |

આજ આનંદેરે, આજ આનદેરે;
ગરબો ગાઓને ઉમંગમાં........................ આજ
ઉમંગ માંને, રંગમાં સહુ સંગમાંરે...બ્હેનો—ગરબો—આજ.
શિયળ ગુંણુ ગાઓને ઉમંગમાંરે......બ્હેનો—ગરબો—આજ.
મોટો મહીમા છે સુંદર શિયળનોરે;
સતિનો શ્રૃંગાર એ કહેવાયરે..........બ્હેનો—ગરબો—આજ

સુરૂતિ સમાંન વસ્ત્ર અંગને શોભાવો.
પતિ સેવા પતિવ્રતાને પુણ્યથી દિપાવે.
રીતીએ ધારી રહેશે જોનારી (૨)
તોલેસે ઉગારી મોરારી ઉતારે ભવપારરે...બ્હેનો-ગાઓ આજ

નારદજી— (૧૨)

હોય ભક્ત પતિ ભવ મહીં તરે તારે સંસાર
સદા રહે પતિ સાથમાં ધંન્ય ધંન્ય તે નાર

નારદજી— (૧૩)

ભજ ગોવિંદ, ભજ ગોવિંદ ગોવિંદ ભજ મુઢ મતે
ધાંમ ધરા ધન કાંમન આવે અંતે અળગાં થાશેરે.
પળ પળ પ્રાંણી હરીને ભજતો જીવ સ્વર્ગમાં જાશેરે. ભ.

ઈંદ્રગોરી— (૧૪)

પ્રિતેથી મેતો લિધી છે પતિજાઓ બ્હેની.
લોભાણી છઉં હું ખ્યાતિ જાણી એની................પ્રિ.
નારદજીની વાણિ સુણીને ચિત ચોટયું સુંદર વરમાં
હરી ઇચ્છાએ હીરલો લાધ્યો (૨)
ચઘ ચુકી તન મનથી તેની.....હુંતો (૨)......પ્રિતેથી

ધ્રુવજી— (૧૫)

નોધારાનાં આધાર પ્રભુ મારા એકલના છો બેલિ
બાગ્યાના છો બેરૂ બેરૂ બેરૂ રામ... ... .. નો.
બિરદ સંભારણુ જાણી દુખ નીવારણુ જાણી.

શરણુ હું માગું છઉં મોરારી— વ્હાલા.
માત પીતાને મેં તો મીથ્યા સબંધી ધારી.
મનથી હું મુકુછું વિસારી— વ્હાલા.
સરવે ભક્તોને જ્યારે ભીડ પડી છે ત્યારે
ધાઇને આ છો વનમાળી... ... ...વ્હાલા.
પુરણુ પરિક્ષક પોશક જગના તમે
લેજો આ બાળ ઉગારી— વ્હાલા.

નારદજી— (૧૬)

રામ વિના નવ બોલ, રસના રામ વિના નવ બોલ;
વૃથા વાતે અપરાધજ લાગે, પડે ભજનમાં ઝોલ. રસના.
નીશ દીન રામ ભજન રટવાનો, કર્યો ગર્ભમાં કોલ. રસના.

નારદજી— (૧૭)

મન મત કરનાં રે ગુમાંન.
આખર મીટીમેં મીલ જાનાં. (૩)...............મન.
મીટીકા ઓઢન મીટી બીછાવન, મીટી કાહય સિરાના;
મીટીકા કલબુત બનાયે તાપે ભરમ લોભાના...(૩)—મન.
હાથી પર ચડતે ઘોડે ખેલાતે, તાપે ધુરે નિશાનાં
લીલી પીલી જોકો બે રખ ચડતી,
સો નર ભુમી સમાંના. (૩)..........................મન.

અપ્સરાઓ— (૬૮)

છાઇ રહ્યા રંગી બેરંગી ઉમંગી સુસંગી.
રંગ સૌ અહીં માન... ... ...

ચમન ચમન અમૃત વરસે મણીમય જળહળ સુંદર સ્થાન,
અજર અમર દેવનાંમ, મોહ મનોહર ઇંદ્રનું ધામ...છાઇ.

અંક બીજો.

વિવેકશર્મા— (૧૯)

પીતુ માત ગુરૂએ તીરથ મોટું જાણો એ વિણ સઘળુ ખોટું.
હરિનામ સમો એનો મહીમા, નહીં એ સમ બીજુ આ જગમાં.પી.
પીતુ માત દુભાવ્યાં છે જેણે. અવતાર ધર્યા ધીક છે તેણે,
એવા કપુત પ્રીતે પહેલા, જાશે જમ દવારે તે વહેલા,
જો ચાહો જગમાં સુખ લેવા, તો તનમનથી કરો શુધ સેવા. હરિ.

ઉતાનપાદ— (૨૦)

ખળ ખળ ખળ આંસુ, આંખથી આ ખરે છે;
ધગ ધગ ધગ હૈડું, બાપડું આ બળે છે.
પળ પળ પળ પ્રગટે, અંગમાં અગની એનો;
વિરહ બહુ દમે છે, આજ કુમાર ધ્રુવનો.
ધ્રુવજી વિના મારૂંરે, જીવન થયું ખારૂં;
જીવન થયું ખારૂં, સહુ સુખ અકારૂં— ધ્રુવજી.
નારીના નેહે લપટાઇ, ભુલ કરી ભારી;
ન્યારૂં કર્યું બાળ બીચારૂંરે— જીવન થયું.

સાખી—રાજ તાજ વૈભવ બધા, જોઇ બળે ઉઃ હાય;
પુત્ર વિયોગે પ્રાણ મુજ, પાપી કેમ ન જાય.
હાય થશે શું હવે મારૂંરે— જીવન થયું.

નારદજી— (૨૧)

ભજીલે ભાવે શ્રી હરિ, ન રહીશ રાજા ભુલમાં;
માયા મહિલા માને શા મુલમાં, ડાપણના ડાહ્યા તુ ફુલમાં. નરહીશ.

દૂખી સંસારમાં, ગોથાં ખોટાં મારગમાં;
ધન ધામ કેરા ફાંકો રાખી ફુલમાં— ન રહીશ.

સુખ તું શાનુ માને, અંતે જવું છે સ્મશાને;
(માટે) ચેત ચેત ચડશે નહિ તો ચતુરાઇ ચુલમાં— ન રહીશ.

ઇંદ્રગૌરી— તથા સાહેલીયો. (૨૨)

ખીલી છે કેવિ કૃતિ કીરતારની આંહી
મન મારૂં જોઇને હરખાય...... ખીલી.
જીવન સુખ સઘળું આ શોભાય,
વન ઉપ વન જોઇ મન લોભાય— ખીલી.
સકળ સુમન ભિન ભિન આ ફુલ્યાં,
નવિન રંગ આ પલ્લવ જુલ્યાં;
ભમર ભોગી ઉમગે ફરે છે,
ટહુકા કોયલ કીર મેના કરે છે.
બહુ નાચે બુલ બુલ ચિત હરતાં,
ગર્વ ધરી પક્ષી મહીં ફરતા;
સરવર તીર હંસ અતિ નાચે,
રાગ રંગથી મુજ મન રાચે, જીવન સુખ સઘળુ આ શોભાય. ખી.

ઇંદ્રગૌરી—
સાહેલીયો.

(૨૩)

જાને ઘેલી સાહેલી છો મન મેલી,
સતાવો શાને મારી બ્હેન,
આવિ વાણી જાણીને જાઉં હારિ, વાહ શાણી.
જોઇ ચતુરાઇ તારી, હુ હારિમાન સારી.
નાગભરાવ કાંદુભાવ, શું ક્રુર થાવ. બસ દુર જાવ— જાને.
લાગી કટારી કારી, કરૂં કયાં જઇને હું રાવ;
મારૂં મન બહુ મુંઝાય, જીવ જાય ન સહેવાય.
ન કહેવાય, ન રહેવાય, કંઇ કંઇ થાય, ઉર ગભરાય. જાને.

જયંત—
ઇંદ્રગૌરી

(૨૪)

દુર દુર નફટ બાળા પ્રગટે જવાળા ઉરમાં ભારી,
વીરા વદો શું આ વિના વિચારી:
ક્રોધ હાયના ખમાય, છુટે કંપારી...... દુર.
રાંકના ઉપર રોશ કરો કાં,
ભગીની મારી હત્યારા ઠરોદાં,
જુલ્મ કરોકાં જનેતાના જાયા, થઇને અધાં;
ચુપ ગમાર... ... ...દુર.

ઇંદ્રગૌરી—

(૨૫)

મોયુ રે મન સુંદર વર મુખમાં,
ચોટયું ચોટયું ચોટયું ચોટયું ચોટયુ રે. ચિત સુંદર.
ભ્રાતા પીતા બલે ભારે ભય આપે,
કાપે શીશઆ મારૂં મારૂં મારૂં રે...મન સુંદર વર.

ચંદ્ર સાથે ચકોરી જેવું, એવું આ ચિત લાગ્યું લાગ્યું;
લાગ્યું લાગ્યું લાગ્યું રે...મન.

માયા—
અપ્સરા

(૨૬)

પ્રીય પ્યારા છો મારા ધુતારા થઇને આહીં શું બેઠા,
આમ શું વ્હાલા ઠગો છો ઠાલા, ઉઠોને રંગે રમો રઢીયાળા.
અનંગ આગ લાગી લાલ, તે સમાવો વ્હાલા— પ્રીય.
રંગે રમાડો વીરહ સમાવો, આલિંગન લઇ લ્યોને લ્હાવો;
નાથ કાં તરસાવો, સ્નેહે બોલાવો, દયા ઉર લાવો;
ના શરમાવો વ્હાલ વધારો, સેવા સ્વીકારો;
સ્વામી છબીલા... ... ...પ્રીય.

માયા—

(૨૭)

ભક્તો ભાળીને હારૂં મારી હામ મારી હામ મારી હામરે. ભક્તો.
નથી જોર મારૂં ભક્તોની પાસે કાંઇ,
તન મન વશ કરી પ્રભુ પદ પ્રિતી ધરી;
તેનાથી હારિ જાઉં મારી હામ મારી હામ મારી હામરે...ભક્તો.
ઝેર જેવું જગ જાણી લીધું છે ધ્રુવે,
તજી દીધો છે તેણે કામ. (૩ ૬...... ભક્તો.

સુનીતિ—

(૨૮)

પાયે લાગી લાગી આજ માગુંછું મોરારી.
માગુછું મોરારી, આજ સ્હાય શ્યામ તારી;
પુત્ર મારો પ્રાણ પ્યારો આવ્યો શરણ તારી,

બિરદના પ્રતિપાળ પ્રભુ લેજે તુ ઉગારી;
મુજ રંકનું એ રત્ન મળ્યું મોંઘે પ્રયત્ન,
હેમ ક્ષેમ રાખો વિભુ, અહોનીશ યાચુ શંભુ... ...પાયે.

સુનીતિ— (૨૯)

ચાહુ છું સેવા સદા સ્વાગી તમારી,
રંગ રાગ કદી માગુ નહીં મનથી. (૨)
આ સંસારી સુખ સઘળાં હું,
આતશબાજી સમ ગણું ઉરથા વ્હાલા. (૨)
પતી તમ પદ રજ મમ હિતકારી...........ચાહું.

નારદજી— (૩૦)

મન હરિ હર કેરૂં ધ્યાન ધરો,
મુક્તિનો મારગ એજ ખરો;
દુરાચાર તજી સતસંગ કરો.............. ...મન.
હુંને મારૂં એ બેઉ તજો,
ગર્વ છોડી મન રામ ભજો;
ભાવ ભજન તવ રદય ભરો............મન.

લક્ષ્મીજી વિગેરે. | (૩૧)

પોઢો પ્રીય પરમાનંદ પ્યારા, આ.....હીંચોળે સુંદર દારા.
જીવન ઝુલો રઢીયાળા, છબીલાજી છોગાળા............પોઢો

સાખી—

પાતળીયા પંખો કરી, વાયુ ઢોળું નાથ.
શીતળ સુગંધી સ્નેહથી, સીંચું સૌ સખી સાથ.

ગુણીયલ ગજરા, ગુંથ્યા છે સારા,
અરપું નારાયણ તમને,
હવે પોઢોજી પોઢોજી પોઢો પ્રાણેશ...... ... ..પોઢો.

શ્રીવિષ્નુ— (૩૨)

આહા ? શું ધ્રુવ ભક્તિ તમારી.
જોઇ હર્ષ થયો ભારી.
છ માસથી એકાગ્ર થઇને,
અન ફળ જળનો ત્યાગ કરીને,
બેઠાછો તમે મુજ ધ્યાન ધરીને,
તે સ્મરણ થયું સ્વપ્ને....... ... .આહા.

બ્રહ્માજી | .. દેવો...... (૩૩)
ઇંદ્રાદી |

હે જગતતારક ભય વિદારક શ્રીધારક શ્રીપતિ,
છો દીનદયાળા જય કૃપાળા જાદવા વિશ્વાપતિ;
આવિ અલૌકિક પ્રબળ યુક્તી, કળી ન શક્તિ મુજ ગતિ,
વિદ્વાન કે મુનીવર મનુજો, પાર પામે ના રતિ.
મેરૂ કરો ત્રણમય ક્ષણે, ક્ષણમાં કરો ત્રણગય તરૂ,
એવા રગાવર આપ મુક્તિ ધામ, તે કેમ વિસરૂ;
શેવે શરણ રજ શાંમ્ભ પ્રીતે, પરમહીતમય સૌખ્યદા,
વ્યાધી પ્રલય કરો ભ્રાંતી હરો, સૌ શાંન્તી કરજો સરંદા.

બીજો અંક સમાપ્ત.

—— o ——

સદ્બોધા— (૩૪)

પ્રભુ અજબ કળા તારી, પામે નહિં કોઇ પાર. પ્રભુ.
ક્ષણમાં રાજા રંક બનાવે, રંકપરે તું છત્ર ધરાવે. (૨)
ઘડી હસાવે ઘડી રોવરાવે, નર મરકટ વત સૌને નચાવે.
પ્રણમું વાર વાર.......................પામે.

સુરૂચી— (૩૫)

મારૂં તારૂં સારૂં તજી, સદા નમ્ર થાવું;
શીળને સંતોષ સજી, વીનય વાટ જાવું........મારૂં.
ગવ ને ગુમાન છોડી, નમ્ર નીરે નહાવું;
સાર છે અપાર એમાં, મુખથી શું હું ગાઉ.....મારૂં.

સુનીતી.
સુરૂચી.
ઉતાનપાદ

(૩૬)

સુંદર શામળીયારે, સૌભાગ્ય તણા શણગાર;
ગણુ ગુણવંતા અમારા આધાર.................સુંદર.
તમ સમ સ્વાગા જોઇને હું માનું, ભાગ્ય અપાર;
ગણાય છે આ ભવસાગરમાં. (૨)
સેતુરૂપ સતિ નાર અપાવે સ્વર્ગ તણાં સુખસાર . સુંદર.
ચાહે ચકોરી ચીતમાં જેમ ચંદ્ર તણોરે પ્રકાશ.
એમ હું ચાહું ચોંપથી સ્વામી. (૨)
તમ સેવાને ખાસ, ખરૂંએ તરવાનું છે નાવ ....સુંદર.

શ્રીવિષ્ણુ— (૩૭)

આશા મારી ઉર ધરી જંજાળ જગની પરહરિ,
બાળક વયે વશ તેં કર્યો, રીઝાવીયો બહુ તપ કરી.
છો પ્રાણુથી પણ પ્રીય મને, શીરોમણી સહુ ભક્તમાં.
ભક્તિ ભાવે નહીં ચઢે, તુથી અવર આ વિશ્વમાં.

શ્રીવિષ્ણુ— (૩૮)

છે ધન્ય ભાવ તમ ભક્તિ તણો ધ્રુવ, ભક્ત શીરોમણી ખાસ.
જગતમાં ભક્ત.
અમુલ્ય અવિચળ પદ લેવામાં, થયાછો પુરા પાસ.
જગતમાં ભક્ત.
જેણે ભાવ ધર્યો મુજ પદમાં, તેનો ફેરો નાશ.
જગતમાં ભક્ત.
આ સંસાર અસાર ગણીને, જે રાખે મુજ આશ.
જગતમાં ભક્ત.

નારદજી
ધ્રુવજી (૩૯)

પ્રીય શીષ્ય પ્રભુને પ્રસન્ન કર્યા,
તમ જન્મ જન્મના ફેરા ટળ્યા............પ્રીય.
વિદેહી સમ સદા વિચરજો,
નિશદીન નિતી અંતર ધરજો.
શીષ્ય તમારો નહીં ડગનારો, રહેશે ન્યારો.
જળકમળવત હરદમ ભવમાં ભર્યા.........પ્રીયા.

ધ્રુવજી— (૪૦)

જીવડા જો જાગી જો જાગી, તારો અવસર જાય અભાગી. જી.
સદઆચરણ પ્રભુની શેવા, આદર કર્યો ન એવો.
આ ભવમાં નર દેહ ધર્યો પણ, રહ્યો જનાવર જેવો. જી.
સમજીને તું ચેતી લેને, ભલો સમય છે ભાઇ;
રદયમાંહિ શુધ ભાવ ધરીને, લેજે હરિગુણ બાઇ. જી.

સ્ત્રીવર્ગ— (૪૧)

આજ આનંદ સાગર રેલીયો,
સોનાનોરે કાંઇ ઉગ્યો છે સુરકે. વેગે મળ્યાંરે વધામણાં.
પ્રીતે પ્રીતે પ્રભુજી રીઝાવને,
વિર ધ્રુવજીરે પધાર્યા છે પુરકે. ,,
મેંતો મોતીના ચોક પુરાવીયા,
વાટે ઘાટેરે વેરાવ્યાં છે ફુલકે. ,,
ધન્ય આજ ઘડીરે આનંદની.
વરસેછે રે કાંઇ અમૃત નુરકે. ,,

નારદજી— (૪૨)

અજુ—હાય હાય મને મારી નાંખ્યા મારે.
માલદે—તુ કહે મને વાગ્યું તને જ્યારે.
અજુ—પીટયા રોટારે.
માલદે—બાપુ જોવાદે તને દુઃખ થાય.
અજુ—હાય હાય.
માલદે—અરરરરર......હાય હાય મને.

અજુ—તને કોગળીયું લઇ જાય.
માલદે—હવે પડું તારે પાય.
અજુ—તારી મેઠે ગયે કાય.
માલદે—હવે મને ન હતાય.
તને મેંલડી બરખી જાય.
તને ઝાંપડી માતા ખાય.

નારદજી— (૪૬)

તુ સમતાથી સમજી લેને મન, કોઇ નથી તારૂં... ...તુ.
કોઇ નથી તારૂં જગતમાં માને શું મારૂં... ... ...તુ.
જુઠા સુખને સાચુ, ધારી તું, કેમ ગણે પ્યારૂં.
જેને સાચું જાણેછે તે, થશે અંત ન્યારૂં..........તું.
આ ભવમાં ભુલે ભમતા હું, વારવાર વારૂં.
કર કમળાપતિ પદમાં પ્રીતી, તો થાય સર્વ સારૂં.....તું.

ઇંદ્રગૌરી- (૪૪)

વાહ વાહ પ્યારા પ્રભુજી તેંમારી,
કીધી આશ પુરી રાખી ન અધુરી મોરારી.
પામી સ્વામી. (૨) આ.....................
સહુ દુખડાં વામી.........................
હવે હરખેથી વ્હાલાની સાથે ઉમંગે.
રહીને હું સંગે રમીશ રોજ રંગે.
પ્રીતેથી રીતેથી ચીતેથી ચાહું. સુંદર વરની સેવા સારી...વાહ.

વારાંગનાઓ—   (૪૫)

ધનીસાસા, ધનીસાસા, નિસારેરેગ
ગપમ, ગમગરેસા, ગરે રેગમપ ગરે ગમપ
ગમપ ગમપ નીનીની ધધધધ પપપપમં
પમગ મગરે ગરેસા. ધાનીસા......
ગગગ ગમપ નીનીની ધધની નીસા.
સાનીધની ધપધપમ. પમગ મગરે ગરેસા.

સ્ત્રીવર્ગ—   (૪૬)

રૂડો મંગળ મંડપ શોભે, દેખી દેવો તણાં મન લોભે;
સુર્ય ચંદ્ર જોવાને થોભે, માનુની વૃંદ મલપતી મલપતી આવે.
માતા સુનીતિ કાંઇ સ્નેહે વધાવે..........૧
વરમાળા કન્યા કરમાં લઇને, સુંદર વરને આરોપેછે જઇને,
સૌનાં મન હરખે આશીશ દઇને, અમર થઇને સુખમાં નીત્ય વિચરજો.
રંગે ચંગે ઉમંગે સાથે સૌ રહેજો........૨
ૐ શાન્તી. શાન્તી. શાન્તી.

સમાપ્ત.

જાહેર ખબર.

નિચે મુજબ કિમ્મતથી નાટકના ઓપેરાની ચોપડીઓ જે સાહેબોને જોઇતી હશે તેને રોકડે પૈસો વાંકાનેર આર્ય હિત વર્ધક નાટક કમ્પની પાસેથી મળશે:—

મીરાંબાઈ નાટકના ઓપેરા	...	૦—૨—૦
નરસીંહ મહેતા નાટકના ઓપેરા	...	૦—૨—૦
સંસારી સાવિત્રી નાટકના ઓપેરા	..	૦—૨—૦
રમણુ સુંદરી નાટકના ઓપેરા	...	૦—૨—૦
જગતસિંહ નાટકના ઓપેરા	...	૦—૨—૦
શૈલબાળા નાટકના ઓપેરા	...	૦—૨—૦
ઇન્દુમતી નાટકના ઓપેરા	...	૦—૨—૦
સતી સુંદરબા નાટકના ઓપેરા	...	૦—૨—૦
ચંદ્રકાન્તા નાટકના ઓપેરા	...	૦—૨—૦
શુરવીર શીવાજી નાટકના ઓપેરા	...	૦—૨—૦
નર્મદા નાટકના ઓપેરા	...	૦—૨—૦
સીતા સ્વયંવર નાટકના ઓપેરા	...	૦—૨—૦
પ્રેમચંદ્રિકા નાટકના ઓપેરા	...	૦—૨—૦
સત્યવાદી હરિશ્ચંદ્ર નાટકના ઓપેરા	...	૦—૨—૦
મહારાણા પ્રતાપના ઓપેરા	...	૦૨—૦
ગોપીચંદ નાટકના ઓપેરા	...	૦—૨—૦
કુમુદ કિશોરી નાટકના ઓપેરા	...	૦—૨—૦

ઉપરનાં પુસ્તકો કંપનીના મુકામેથી મળશે તેમજ ગુજરાતના તમામ નામીચા શેહેરોમાં અમારી કંપનીના દરેક એજંટો પાસેથી મળશે. વેલ્યુપેબલ અથવા નોટપેડ કાગળ રાખવામાં આવશે નહિ. વિનંતિ ગ્રંથ કર્તા.